સોમનાથ માત્ર દેવાલય નથી, તે પ્રભાસક્ષેત્ર છે



સ્કંદપુરાણના પ્રભાસખંડ મુજબ, જંબુદ્વીપના નવ ભાગોમાં ભારતવર્ષ અને ભારતવર્ષના નવમા ભાગ સમાન સૌરાષ્ટ્રનું રત્ન એટલે પ્રભાસ. આ પવિત્ર ભૂમિ પર બિરાજતા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવનો ઇતિહાસ વિનાશ સામે સર્જનના વિજયની અપ્રતિમ ગાથા છે.

સરદાર પટેલનો ઐતિહાસિક સંકલ્પ અને પુનઃનિર્માણ

૧૩ નવેમ્બર ૧૯૪૭, વિક્રમ સંવતના નૂતન વર્ષના મંગલ દિવસે ભારતની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલે મંદિરના ભગ્નાવશેષો જોઈને સમુદ્રજળની અંજલિ લઈ સંકલ્પ કર્યો હતો કે, "સોમનાથના મંદિરનું પુનઃનિર્માણ થવું જોઈએ." આ સંકલ્પને સાકાર કરવામાં જામસાહેબ દિગ્વિજયસિંહજી, ક.મા. મુનશી અને કાકાસાહેબ ગાડગીલ જેવા મહાનુભાવોનો સિંહફાળો રહ્યો છે. ૧૯૫૧માં ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે આ આધુનિક મંદિર રાષ્ટ્રને સમર્પિત થયું હતું.

સ્થાપત્યનો અજોડ સંગમઃ કૈલાસ મહામેરૂ પ્રાસાદ

વાસ્તુશાસ્ત્રની નાગર શૈલીમાં નિર્મિત આ મંદિર 'કૈલાસ મહામેરૂ પ્રાસાદ' તરીકે ઓળખાય છે. આ સ્થાપત્યની કેટલીક અદભૂત લાક્ષણિકતાઓ નીચે મુજબ છેઃ

★ પરિમાણઃ મંદિરની ઊંચાઈ ૧૫૫ ફૂટ છે, જેના પર ૩૭ ફૂટનો ધ્વજદંડ અને ૧૦૪ ફૂટની વિશાળ ધ્વજ લહેરાય છે.

★ ચંદ્ર-શિવ સાયુજ્યઃ કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ આકાશનો ચંદ્ર અને ગર્ભગૃહનું શિવલિંગ એક સીધી રેખામાં આવે છે, જે એક અલૌકિક દ્રશ્ય સર્જે છે.

★ કળશ અને શિખરઃ ગર્ભગૃહના શિખર પર ૧૦ ટન વજનનો પથ્થરનો કળશ છે, જ્યારે સભા અને નૃત્ય મંડપના ઘુમ્મટ પર ૧૦૦૧ નાના કળશ કંડારાયા છે.

★ ભૌગોલિક વિશેષતાઃ મંદિરના દક્ષિણ ભાગમાં આવેલ 'બાણસ્તંભ' સૂચવે છે કે અહીથી દક્ષિણ ધ્રુવ સુધી સીધી લીટીમાં ક્યાંય જમીનનો ટુકડો આવતો નથી.

આક્રમણો સામે અજેય આસ્થા

સોમનાથ પર ૧૦૨૬માં મહમદ ગઝનીથી લઈને ૧૭૦૧માં ઔરંગઝેબ સુધીના અનેક આક્રમણખોરોએ હુમલા કર્યા, પરંતુ દરેક વખતે હિન્દુ ધર્મપ્રેમીઓએ તેનો જીર્ણોદ્ધાર કર્યો. ભાવ બૃહસ્પતિની 'સોમનાથ પ્રશસ્તિ' મુજબ, આ મંદિર સતયુગમાં સોમ (ચંદ્ર) દ્વારા, ત્રેતામાં રાવણ દ્વારા, દ્વાપરમાં શ્રીકૃષ્ણ દ્વારા અને કળિયુગમાં ભીમદેવ સોલંકી દ્વારા નિર્મિત થયું હોવાનું મનાય છે.

આધુનિક નેતૃત્વ અને સાંસ્કૃતિક વારસો

સોમનાથ ટ્રસ્ટના માધ્યમથી લાલકૃષ્ણ અડવાણી, કેશુભાઈ પટેલ અને વર્તમાન અધ્યક્ષ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ સોમનાથનો કાયાકલ્પ થયો છે. યાત્રિકો માટે સુવિધાઓ, લાઈટ એન્ડ સાઉન્ડ શો અને 'સોમનાથ વર્તમાન' માસિક જેવા માધ્યમોથી ભક્તોને જોડાવાના પ્રયાસો થઈ રહ્યા છે.

લોકપરંપરાનું પર્વઃ કાર્તિકી પૂર્ણિમાનો મેળો

ગરવા ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ કર્યા બાદ, સોરઠની જનતા સોમનાથના ભાતીગળ મેળામાં ઉમટી પડે છે. કારતક માસની તેરશથી પૂનમ સુધી ભરાતો આ મેળો સોરઠની લોકસંસ્કૃતિનું ધબકતું પ્રતીક છે.આજે સોમનાથ માત્ર એક દેવાલય નથી, પણ ભારતવર્ષના પુનરુત્થાન અને અખંડ શ્રદ્ધાનું પ્રતીક બનીને અરબી સમુદ્રના તટે અડીખમ ઊભું છે.

સોમનાથ સ્વાભિમાન પર્વમાં 'નવ'ના અંકનો દૈવી સંયોગ

શ્રદ્ધા અને શક્તિની સાથે સર્જાયો સંખ્યાનો પણ અદભૂત સંગમ

મંત્રોચ્ચારનો સમય, અશ્વોની સંખ્યાથી લઈને દિવસોના સરવાળા સુધી બધું જ એક ચોક્કસ આધ્યાત્મિક લયમાં ગૂંથાયું

પ્રભાસ પાટણના આંગણે ઉજવાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં ભક્તિની સાથે સાથે એક અત્યંત અદભૂત અને આધ્યાત્મિક સંયોગ પણ જોવા મળી રહ્યો છે. આ મહોત્સવના આયોજનમાં 'નવ' (૯) ના અંકનો જે અદભૂત સમન્વય રચાયો છે, તે શ્રદ્ધાળુઓમાં કુતૂહલ અને આસ્થાનો વિષય બન્યો છે. ભારતીય શાસ્ત્રોમાં '૯' ના અંકને પૂર્ણતાનું પ્રતીક માનવામાં આવે છે, અને આ પર્વમાં તેની ઝલક ડગલે ને પગલે જોવા મળી રહી છે.

સંખ્યાશાસ્ત્ર અને ભક્તિનો સમન્વયઃ અંક '૯' નું વર્ચસ્વ

સોમનાથના આ આયોજનમાં સમય અને તારીખનો મેળ કંઈક એવી રીતે બેઠો છે કે જેનો સરવાળો અંક '૯' પર આવે છેઃ

★ શુભારંભઃ આ મહોત્સવની શરૂઆત ૮/૧ ના રોજ થઈ છે (૮+૧ = ૯).

★ અખંડ ઓમકાર જાપઃ પર્વના પ્રારંભે સવારે ૯ કલાક અને ૯ મિનિટે અખંડ ઓમકાર જાપના મંત્રોચ્ચાર શરૂ કરવામાં આવ્યા હતા. આ સમયના અંકોનો સરવાળો પણ (૯+૯= ૧૮, અને ૧+૮ = ૯) થાય છે.

★ અવિરત ભક્તિઃ આ ઓમકાર જાપ સતત ૭૨ કલાક સુધી ચાલવાના છે, જેનો સરવાળો પણ (૭+૨ = ૯) થાય છે.

આમ, સમગ્ર મહોત્સવ જાણે કે ગ્રહ નક્ષત્રો અને અંકોના શુભ સંયોગ સાથે આકાર લઈ રહ્યો હોય તેવું પ્રતીત થાય છે.

શૌર્ય યાત્રામાં ૧૦૮ અશ્વોનું જોડાણ

સ્વાભિમાન પર્વના આકર્ષણમાં વધારો કરતા, આ મહોત્સવમાં યોજાનાર શૌર્ય યાત્રામાં પણ ૧૦૮ અશ્વોની એક વિશાળ અને ભવ્ય યાત્રા નીકળશે. હિન્દુ સંસ્કૃતિમાં ૧૦૮ નો અંક અત્યંત પવિત્ર માનવામાં આવે છે, જેનો સરવાળો પણ (૧+૦+૮ = ૯) થાય છે. અશ્વોને શક્તિ અને ગતિનું પ્રતીક માનવામાં આવે છે, ત્યારે આ યાત્રા સોમનાથની ગરિમા અને ભારતીય અસ્મિતાના વિજયનાદને ગુંજવશે.

સમગ્ર વાતાવરણ શિવમય

આ અદભૂત સંયોગો વચ્ચે સોમનાથ મંદિરનું પરિસર હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યું છે. એક તરફ સંખ્યાશાસ્ત્રનો વિજ્ઞાન અને બીજી તરફ ભક્તોની અતૂટ આસ્થા—આ બંનેના મિલનથી સોમનાથ સ્વાભિમાન પર્વ ઇતિહાસના પાને સુવર્ણ અક્ષરે લખાવા જઈ રહ્યો છે. આ પર્વ માત્ર એક ઉત્સવ નહીં, પરંતુ ભારતના પુનર્જાગરણ અને આત્મગૌરવની અભિવ્યક્તિ બની રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ સ્વાભિમાન પર્વમાં થશે સામેલ

સોમનાથ સ્વાભિમાન પર્વ' વિશેષ

'સૌરાષ્ટ્રે સોમનાથં ચ, શ્રી શૈલે મલ્લિકાર્જુનમ, ઉજ્જયિન્યાં મહાકાલમ ? કારમ અમલેશ્વરમ.' દ્વાદશ જ્યોર્તિલિંગ સ્તોત્રમની આ પંક્તિ દર્શાવે છે કે, ભારતના ૧૨ પવિત્ર જ્યોર્તિલિંગોનું વર્ણન થાય ત્યારે સૌથી પહેલાં સોમનાથનો ઉલ્લેખ આવે છે. આ ભારતની સંસ્કૃતિમાં સોમનાથનું અગ્રસ્થાન તથા તેના અવિનાશી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્વને દર્શાવે છે. છેલ્લા બે દાયકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સોમનાથ મંદિર ''સુવર્ણ કરવામાં આવેલા પ્રથમ આક્રમણના હજાર વર્ષ પૂર્ણ થશે. આજે એક હજાર વર્ષ પછી પણ સોમનાથ મંદિર પૂરા ગૌરવ સાથે અડીખમ ઊભું છે. સંયોગવશાત્, ૨૦૨૬માં જ સોમનાથ મંદિરના પુનર્નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના છે. ૧૧ મે ૧૯૫૧ના રોજ આ ભવ્ય મંદિરનું પુનર્નિર્માણ સંપન્ન થયું હતું અને ફરી ભક્તો માટે ખુલ્યું હતું. આ સીમાચિહ્નરૂપ ઘટનાને વધુ વિશેષ બનાવતા વડાપ્રધાનશ્રી ૧૧ જાન્યુઆરીએ સોમનાથની મુલાકાત લેશે અને 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં હાજરી આપશે.

ત્રણ મેદાનમાં ગોઠવવામાં આવી છે પાર્કિંગ વ્યવસ્થા

સદભાવના મેદાન ખાતે જૂનાગઢ, તાલાલા અને વેરાવળની બસનું પાર્કિંગ, કાજલી ખાતે બોટાદ, ભાવનગર, અમરેલી, સૂત્રાપાડા, ઉના, ગીરગઢડા તેમજ કોડીનારની બસનું પાર્કિંગ અને સરોવર પોર્ટિકો ખાતે રાજકોટ, જામનગર, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાની બસ માટે પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આધુનિક યુગમાં જેમ ડિજિટલ આમંત્રણ પત્રિકા મોકલવામાં આવે છે. બરાબર એ જ રીતે વહીવટી તંત્ર દ્વારા વિવિધ પાર્કિંગ સ્થળના અલગ-અલગ ક્યૂ.આર. કોડ જનરેટ કરી અને અન્ય જિલ્લાઓના પ્રતિનિધિઓને મોકલી આપવામાં આવ્યાં છે. જેથી અન્ય જિલ્લામાંથી સોમનાથ ખાતે પધારતા નાગરિકો પહેલાથી જ પાર્કિંગ લોકેશન જાણી શકશે અને મેપ દ્વારા સરળતાથી પાર્કિંગ સ્થળે પહોંચી શકશે. અન્ય જિલ્લાના નાગરિકો જ્યારે ક્યૂ.આર.સ્કેનર સ્કેન કરશે ત્યારે સીધું મેપમાં પાર્કિંગ લોકેશન બતાવશે. જેમાં 'ડિરેક્શન' ટેબ પર ક્લિક કરતા જ 'પબ્લિક ટ્રાન્સપોર્ટ' ટેબ અંતર્ગત લોકેશન, સમય અને પાર્કિંગ સ્થળ કેટલું દૂર છે તે સહિતની તમામ વિગતો સરળતાથી આંગળીઓના ટેરવે ઉપલબ્ધ થશે.

સોમનાથઃ ભક્તિ અને ભવ્યતાનો અનોખો સંગમ

શિખર પર ૧,૬૬૬ સુવર્ણ કળશ અને ૧૪,૨૦૦ ધજાઓ સાથે સોમનાથ મંદિર ત્રણ પેઢીઓની અડગ શ્રદ્ધા, દ્રઢતા અને કલાત્મકતાના પ્રતિબિંબ તરીકે ઊભું છે. દર વર્ષે લાખો લોકો આ જ્યોર્તિલિંગના દર્શન માટે આવે છે. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ સુધી વાર્ષિક અંદાજે ૯૭ લાખ શ્રદ્ધાળુઓ સોમનાથના દર્શન માટે આવ્યા છે. બિલ્વ પૂજા માટે છેલ્લા ૨ વર્ષમાં શ્રદ્ધાળુઓની સંખ્યા ૧૩.૭૭ લાખ નોંધાઈ હતી, જેમાં મહા શિવરાત્રિ ૨૦૨૫ દરમિયાન ૩.૫૬ લાખ શ્રદ્ધાળુઓ આવ્યા હતા. આજે ઓનલાઈન બુકિંગ અને પોસ્ટલ પ્રસાદની સુવિધા એ સુનિશ્ચિત કરે છે કે સોમનાથની પવિત્રતા મંદિરની સીમાઓને પાર કરી તમામ ભક્તો સુધી પહોંચે.

આસ્થા સાથે ઉત્સવનું કેન્દ્ર છે સોમનાથ યાત્રાધામ

સોમનાથ મંદિરમાં શ્રદ્ધાળુઓ માટે લાઇટ એન્ડ સાઉન્ડ શો અને ઉત્સવોનું આકર્ષણ પણ રહ્યું છે. છેલ્લા ૩ વર્ષમાં ૧૦ લાખથી વધુ લોકોએ સોમનાથની ગાથા વર્ણવતો લાઇટ એન્ડ સાઉન્ડ શો નિહાળ્યો છે. સોમનાથના આંગણે ઉજવાતા ઉત્સવની વાત કરીએ તો, ગત વર્ષે વંદે સોમનાથ કલા મહોત્સવમાં ૧,૫૦૦ વર્ષ જૂની નૃત્ય પરંપરાઓ પુનર્જીવિત થઈ હતી, જે દર્શાવે છે કે, સોમનાથ માત્ર આસ્થાનું કેન્દ્ર નથી, તે સાંસ્કૃતિક વારસાને પણ ઉજાગર કરે છે.

આધુનિક પરિવહન સેવાઓ અને વૈશ્વિક કનેક્ટિવિટી

સોમનાથની યાત્રા ભક્તો માટે વધુ સરળ અને આરામદાયક બને તે હેતુથી કનેક્ટિવિટીમાં મહત્વપૂર્ણ સુધારાઓ કરવામાં આવ્યા છે. ?૮૨૮ કરોડના પ્રોજેક્ટ- જેતપુર—સોમનાથ ફોર લેન હાઇવેના કારણે યાત્રિકોને એક્સપ્રેસવેની સુવિધા મળી છે. સાબરમતી—વેરાવળ વંદે ભારત એક્સપ્રેસના કારણે અમદાવાદથી સોમનાથની યાત્રા હવે વધુ ઝડપી અને સુલભ બની છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૨માં ફરી શરૂ કરવામાં આવેલ કેશોદ ઍરપોર્ટ અને ૨૦૨૩માં રાજકોટ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટના ઉદ્ઘાટન બાદ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે સોમનાથ પહોંચવું સુલભ બન્યું છે.

નેટ-ઝીરો મંદિર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે સોમનાથ

વર્ષ ૨૦૧૮માં 'સ્વચ્છ આઇકોનિક પ્લેસ' તરીકે માન્યતા પ્રાપ્ત કરનાર સોમનાથ આજે ટકાઉ વિકાસ અને નવીનતાનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે. વેસ્ટ સેગ્રિગેશન કેન્દ્રોમાં હવે મંદિરના ફૂલોને વર્મીકમ્પોસ્ટમાં રૂપાંતરિત કરીને તેનો ઉપયોગ ૧,૭૦૦ બિલ્વ વૃક્ષોના સંવર્ધનમાં થાય છે. મિશન ન્ૈહ્વઈ પહેલ હેઠળ પ્લાસ્ટિક કચરામાંથી દર મહિને પેવર બ્લોક્સ તૈયાર કરવામાં આવે છે. અહીં દર મહિને લગભગ ૪,૭૦૦ પ્લાસ્ટિક-ફ્લાય ઍશ બ્લોક્સનું ઉત્પાદન કરવામાં આવશે, જે સ્થાનિક મહિલા સ્વ-સહાય જૂથો માટે આવક ઉત્પન્ન કરશે અને વાર્ષિક ૧૨૫ ટન પ્લાસ્ટિક રિસાઇકલ કરશે.૬૨ લાખના ખર્ચે પુનઃસ્થાપિત કરવામાં આવેલ છ વરસાદી પાણી સંગ્રહના કુવાઓ અને એક જળાશય દર મહિને લગભગ ૩૦ લાખ લિટર ગટરના પાણીને શુદ્ધ કરે છે, જેનો ઉપયોગ વનીકરણ માટે થાય છે. જ્યારે ૨૦૧૯-૨૦માં ?૧૬૦ લાખના રોકાણ સાથે આઠ ગટર શુદ્ધિકરણ પ્લાન્ટે કૃષિ અને લેન્ડસ્કેપ સિંચાઈ માટે ૨૦.૫૩ કરોડ લિટર પાણી ફિલ્ટર કર્યું છે.૭૨,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં વિકસિત ૭,૨૦૦ વૃક્ષો ધરાવતું મિયાવાકી વન દરિયાઈ અને ખારા પવનો સામે રક્ષણ આપે છે.ૈ કાનપુરના અભ્યાસ મુજબ, આ વન બે વર્ષ બાદ વાર્ષિક ૯૩,૦૦૦ કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઇડ શોષી શકશે. એટલું જ નહીં, ટ્રસ્ટ દ્વારા સેવાભાવે અભિષેક માટેનું પવિત્ર પાણી નવ સ્તરીય શુદ્ધિકરણ પ્લાન્ટ દ્વારા શુદ્ધ કરીને 'સોમગંગાજલ' તરીકે ?૧૫માં વિતરિત કરવામાં આવે છે. ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧.૧૩ લાખથી વધુ પરિવારોને તેનો લાભ મળ્યો છે. આ તમામ પ્રયાસો દ્વારા સોમનાથ નેટ-ઝીરો મંદિર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ભારતીયો દ્વારા સૌથી વધુ સર્ચ કરાયેલા ટોચના ૧૦ સ્થાનોમાં સોમનાથ સામેલ

ગૂગલ પર ભારતીયો દ્વારા સૌથી વધુ સર્ચ કરાયેલા ટોચના ૧૦ સ્થાનોમાં સોમનાથનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૨૦૨૫માં સોમનાથની સોશ્યલ મીડિયા ઇમ્પ્રેશન ૧.૩૭ અબજને વટાવી ગઈ છે, જે વિશ્વભરના ભક્તોમાં સોમનાથ પ્રત્યેની શ્રદ્ધા અને આધ્યાત્મિક મહત્વને દર્શાવે છે. ભારતની આસ્થા અને સ્વાભિમાનનું પ્રતીક સમું સોમનાથ મંદિર વિકસિત ભારતના નિર્માણ માટે પણ આગળ વધવાની પ્રેરણા આપે છે. વડાપ્રધાનશ્રીએ આ બાબત પર ભાર મૂકતાં લખ્યું હતું કે, ''જો હજાર વર્ષ પહેલાં ખંડિત થયેલું સોમનાથ મંદિર સંપૂર્ણ વૈભવ સાથે ફરીથી ઊભું થઈ શકે છે, તો આપણે હજાર વર્ષ પહેલાંનું સમૃદ્ધ ભારત પણ બનાવી શકીએ છીએ.''

૧૦ કરોડની ખંડણી માંગનાર એનસીપીના પ્રદેશ ઉપપ્રમુખ અને એક યુવતીની ધરપકડ કરવામાં આવી

અમદાવાદ,

અમદાવાદઃ શહેરના એક જાણીતા બિલ્ડર સાથે હનિટ્રેપનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ કિસ્સામાં આરોપી યુવતીએ મીઠી મીઠી વાતો કર્યા બાદ મિત્રતા કેળવીને ભોગ બનનાર બિલ્ડરને ફસાવ્યો હતો અને બાદમાં પ્રિ-પ્લાનિંગ મુજબ બિલ્ડરને ઘરે બોલાવી ઘરમાં સ્પાય કેમેરા ગોઠવી અંગત પળો કેમેરામાં કેદ કરી તેને વાયરલ કરવાની ધમકી આપી રૂ. ૧૦ કરોડની માંગણી કરી હતી. જોકે સમગ્ર મામલો સાયબર ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં હની ટ્રેપ અને બ્લેકમેલિંગના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે અને આ મામલે હાલ બિલ્ડરને ફસાવનાર યુવતી સહિત અન્ય એક વ્યક્તિની ધરપકડ કરાઈ છે.

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચને શહેરના એક નામચીન બિલ્ડર તરફથી પોતે હની ટ્રેપમાં ફસાયા હોવાની ફરિયાદ મળી હતી. જે ફરિયાદની વિગતો અનુસાર, સુનિતા ઉર્ફે હેની રાજપૂત નામની યુવતીએ સૌ પ્રથમ આ ફરિયાદી બિલ્ડર સાથે મિત્રતા કેળવી હતી અને બાદમાં આ હેનીએ અન્ય એક યુવતીની સાથે બિલ્ડરની ઓળખ કરાવી આશરે ૬ મહિના પહેલા આ આખો ખેલ રચ્યો હતો.

હેનીએ પોતાના પ્લાનિંગ મુજબ, બિલ્ડર અને પેલી યુવતીને પોતાના ઘરે બોલાવ્યા હતા અને ઘરમાં અગાઉથી જ ગોઠવેલા સ્પાય કેમેરામાં આ બિલ્ડર અને યુવતી વચ્ચેની અંગત પળોને કેમેરામાં કેદ કરી હતી. બાદમાં હેનીએ આ વીડિયો અશ્વિન ચૌહાણ નામના શખ્સને બતાવી તેને આખા ખેલમાં સામેલ કર્યો હતો. બાદમાં આ અશ્વિન ચૌહાણે બિલ્ડરને વીડિયો મોકલી તેને સોશિયલ મીડિયા અને ન્યૂઝમાં વાયરલ કરવાની ધમકી આપી રૂ. ૧૦ કરોડની માંગણી કરી હતી. જોકે લાંબી રકઝક બાદ આ ડીલ રૂ. ૭ કરોડ સુધી પહોંચી હતી.

ગુજરાતમાં જીએલડીસી અધિકારી સામે ઈડીની કાર્યવાહી, ૪.૯૨ કરોડ રૂપિયાની મિલકત જપ્ત

આવક સ્ત્રોતો કરતાં ૮.૦૪ કરોડની અપ્રમાણસર સંપત્તિ ધરાવવાનો આરોપ

અમદાવાદ,

સુરેન્દ્રનગર જિલ્લાના ભૂતપૂર્વ કલેક્ટર ડૉ. રાજેન્દ્ર કુમાર પટેલ પર કડક પકડ જમાવ્યા બાદ, ગુજરાત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ હવે ગુજરાત જમીન વિકાસ નિગમ, આણંદના તત્કાલીન ફિલ્ડ સુપરવાઈઝર ધીરુભાઈ બાબુભાઈ શર્મા સામે કાર્યવાહી કરી છે. તપાસ બાદ, ઈડીએ પીએમએલએ ૨૦૦૨ હેઠળ ૪.૯૨ કરોડની સંપત્તિ કામચલાઉ રીતે જપ્ત કરી છે. ગાંધીનગરમાં ઈઢ ની પ્રાદેશિક કચેરીએ કાર્યવાહીની વિગતો શેર કરી. ઈડીએ જણાવ્યું હતું કે તેમણે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ , ૨૦૦૨ ની જોગવાઈઓ હેઠળ તત્કાલીન ફિલ્ડ સુપરવાઈઝર ધીરુભાઈ બાબાભાઈ શર્માની ૪.૯૨ કરોડની સંપત્તિ કામચલાઉ રીતે જપ્ત કરી છે. જપ્ત કરાયેલી સંપત્તિઓમાં વાણિજ્યિક દુકાનો, રહેણાંક મકાનો, ખેતીની જમીન અને ગુજરાતના નડિયાદમાં જલાશ્રય રિસોર્ટનો સમાવેશ થાય છે. ઈડીએ ધીરુભાઈ બાબુભાઈ શર્મા વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ આણંદ એસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઇઆરના આધારે તપાસ શરૂ કરી હતી, જેમાં ૧ એપ્રિલ, ૨૦૦૬ થી ૩૧ માર્ચ, ૨૦૧૮ ના સમયગાળા દરમિયાન તેમના જાણીતા આવક સ્ત્રોતો કરતાં ૮.૦૪ કરોડ (૩૫૪.૫૬%) ની અપ્રમાણસર સંપત્તિ ધરાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ધીરુભાઈ બાબાભાઈ શર્મા, તેમના પરિવારના સભ્યો અને તેમની કંપની, મેસર્સ જલાશ્રય રિસોર્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ, એ સામૂહિક રીતે સુરક્ષિત અને અસુરક્ષિત લોન લીધી હતી.

પાણીના જગ વેચનારાઓએ પાણી ક્લોરિનથી શુદ્ધ કરીને જ વેચવું પડશે

AMC વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરમાં પણ ચેક કરીને સપ્લાય કરાશે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં પાણીનાં જગના સપ્લાયરોએ હવે તેઓએ પાણીનાં પ્યોરિફિકેશન થાય તેના માટે ક્લોરીનેશન કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. તેમના ધંધાકીય એકમોમાં ક્લોરિફિકેશન થાય તે પ્રકારનું ઇન્સ્ટોલેશન કરાવવાનું રહેશે. જો આ પ્રકારનું ક્લોરીન વગરનું કોઇ પાણી સપ્લાય થતું હશે તો કોર્પોરેશન દ્વારા તે માટેની કડક કાર્યવાહી કરવામાં આવશે અને આવા સંજોગોમાં તેમનાં એકમોને સીલ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદના તમામ ૧૭૦ જગનાં સપ્લાયરોને એકત્રિત કરીને આજે મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે મિટીંગ કરવામાં આવી હતી અને તેમને આ વિશે માહિતી આપી જાણ કરાઇ છે. આ ઉપરાંત તેમને પાણીનું ક્લોરિનેશન કેવી રીતે કરવું તેની પણ સમજ આપવામાં આવી છે. શહેરમાં કેટલીક એજન્સી છે જે આ પ્રકારની કામગીરી કરતાં હોય છે તે માટેની પણ આ વિક્રેતાઓને સમજ આપવામાં આવી છે. હવે, બે કે ત્રણ દિવસમાં પાણીનાં ક્લોરીનેશન ઇન્સ્ટોલ થાય તે માટે પાણીનાં વિક્રેતાઓને જાણ કરવામાં આવ્યું છે. આ નિયમ લુઝ સપ્લાય થતી પાણીની એક લિટરની બધી જ કંપનીઓને પણ લાગુ પડશે અને પેકેજીંગ વોટરમાં આ નિયમ લાગુ પડશે નહી. સ્ટેન્ડિંગ ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, શહેરમાં કોઇપણ પ્રકારનો રોગચાળો ફેલાય તે પહેલાં જ તેની આગોતરા સાવચેતી લેવામાં આવે તો રોગચાળામાં રાહત રહેતી હોય છે અને રોગચાળો આગળ વધતો અટકે છે. જેથી શહેરમાં આવેલાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરો આવેલા છે અને જ્યાં પાણીનું વિતરણ થાય છે ત્યાં હાલમાં તેનાં પી.એચ અને ક્લોરીનેશનની તપાસ કરીને આગળ મોકલવામાં આવે છે. આવનારા સમયમાં કેટલાંક પેરામીટર્સ બદલવામાં આવશે, જેમાં ઇકોલાઇ બેક્ટેરિયા કે પાણીની અંદરનાં ટોક્સિનને વોટર ડિસ્ટ્રિબ્યૂશન સ્ટેશન પર માપવામાં આવશે. જેને પરિણામે જો તેમનાં પાણીમાં કોઇ શંકા લાગે તો ત્યાં પાણીનાં વિતરણની તરત જ અટકાયત કરવામાં આવશે. જેથી કોઇપણ પ્રકારનો રોગચાળો આગળ વધે નહીં.

આ પ્રકારનાં આયોજનથી પાણીનાં વિતરણમાં ક્લોરીનનાં ડોઝિયર મૂકી ક્લોરિનનું ટેસ્ટ કરવામાં આવશે. ચાલી જેવાં વિસ્તારોમાં રોગચાળો ખૂબ ઝડપથી ફેલાતો હોય છે પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેનું પ્રિકોશન લઇને એડવાન્સમાં ક્લોરિન ડોઝિયર મંજૂર કરવામાં આવ્યા છે. ખાસ કરીને સ્લમ વિસ્તારમાં જ્યાં ચાલીઓ આવેલી છે ત્યાં પાણીજન્ય રોગો થતાં હોય છે.